PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/કવા–૦૨/૧૭–૧૮/ 8343 તા 12-9-17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
સદભાવ સીરામીકસ,
શ્રી રામ નિવાસ, નવી આદર્શ સોસાયટી,
સરદાર બાગ ની પાછળ,
શનાળા રોડ,
મોરબી
મો: ૯૯૭૮૧ ૮૮૬૬૬, ૯૫૮૬૧ ૨૩૬૬૬

**વિષય :–રીવ્યુ અરજી બાબત ( રાત્રી ના પાવર બાબત)**
**સંદર્ભ:– પીજીવીસીએલ ની રિવ્યુ અરજી , તા. ૧૧–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૭/કવા–૦૨/૧૭– ૧૮ )**

શ્રીમાન,

પીજીવીસીએલ ની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબ ની રિવ્યુ અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વાકાનેર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૭/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૭–૧૦–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર : નામ: કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, વાકાનેર

રજુઆત કરનાર: :બી.ડી.ઝાલાવડીયા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, વાકાનેર)

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) સદભાવ સીરામીકસ,

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.

## : હુકમ :

ફરીયાદ : રીવ્યુ અરજી બાબત ( રાત્રી ના પાવર બાબત)

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

૧ અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

૧.૧ કાર્યપાલક ઈજનેર શ્રી વાકાનેર વિભાગીય કચેરી જણાવે છે કે, મે. સદભાવ સીરામીકસ – નાઈટ રીડીંગ ચાર્જ રીફંડ કરવામા – જે હુકમ કરેલ છે, તેના નંબર સીજીઆરએફ/૪૬/કવા–૦૧/૧૭–૧૮/૫૫૨૬ તા.૨૭–૦૬–૧૭ ના રોજ અપાયેલ છે. તે અન્વયે, ફરીયાદી પક્ષકાર મે. સદભાવ સીરામીકસ, તેઓના વીજ જોડાણ રીલીઝ તારીખ થી – નાઈટ રીબેટ રીફંડ કરવા માટે પીજીવીસીએલ સમક્ષ રજુઆત કરે છે. પરંતુ, અમારી જાણકારી મુજબ, વર્ષ–૨૦૧૩ થી જ આપના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ મુજબ, નાઈટ રીબેટ રીફંડ આપવા પાત્ર થાય છે. આ અગાઉ અમોએ જે તે વર્ષ ના ટેરીફ ઓર્ડર ની નકલ– ફોરમ સમક્ષ રજુ કરેલ ન હતી. પરંતુ, આ રીવ્યુ અરજી સાથે અમો વર્ષ - ૨૦૦૮ થી વર્ષ -૨૦૧૩ સુધી ના – નામ. જીઈઆરસી તરફથી અપાયેલ ટેરીફ ઓર્ડર ની નકલ – ફોરમ સમક્ષ રજુ કરીએ છીએ. જેથી, આપના દ્રારા અપાયેલ ઓર્ડર મા યોગ્ય સુધારો કરવા આ રીવ્યુ– અરજી અમોએ દાખલ કરેલ છે. જે અંગે અમોને યોગ્ય ન્યાય આપવા વિનંતી.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) સદભાવ સીરામીકસ ની રજુઆત**

૨ સદભાવ સીરામીકસ તરફથી તેઓના પ્રતિનીધી ની રજુઆત મુજબ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર ના લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

૨.૧ સદભાવ સીરામીકસ તરફથી હાજર રહેલ પ્રતિનીધી ની રજુઆત મા જણાવ્યા મુજબ, તેઓનુ વીજ જોડાણ તા.૧૫–૦૧–૨૦૦૮ થી પીજીવીસીએલ દ્રારા – રીલીઝ કરાયેલ છે. ફોરમ ના તા.૨૭–૦૬–૧૭ ના રોજ ના હુકમ મુજબ, તેઓને પીજીવીસીએલ દ્રારા નાઈટ રીબેટ રીફંડ આપવા પાત્ર થાય છે. પરંતુ, પીજીવીસીએલ વર્ષ -૨૦૧૩ થી એટલેકે તા.૦૧–૦૪–૧૩ થી નાઈટ રીબેટ રીફંડ આપવા માંગે છે. જે તેઓને અન્યાય કર્તા છે. અને તેઓએ આપેલ રીવ્યુ – અરજી – જો ગ્રાહય રાખવામા આવે તો– અમોને ખૂબજ આર્થિક નુકશાન થાય તેમ છે. તેથી અમો આ અરજી નો વિરોધ કરીએ છીએ. તે ઉપરાંત – ફોરમ સમક્ષ – અમો લેખીત મા જણાવીએ છીએ કે – મોરબી વિભાગીય કચેરી હેઠળ ના – નીચે મુજબ ના ૦૩ એચ.ટી. ગ્રાહકો ને પણ નાઈટ રીબેટ – પીજીવીસીએલ દ્રારા આ અગાઉ અપાયેલ છે.

(૧) દેવકી નદન પેપર મીલ, પ્રા.લી. ગ્રાહક નં. ૨૬૦૩૫ – વર્ષ–૨૦૦૬ થી માર્ચ–૨૦૦૭ સુધી નાઈટ રીબેટ અપાયેલ છે.

(૨) દીપસન સીરામીકસ ગ્રાહક નં.: ૨૬૦૬૧ – માહે એપ્રીલ – ૨૦૦૬, માહે એપ્રીલ – ૨૦૦૭ અનેમાહે એપ્રીલ ૨૦૦૮

(૩) મે. સીરામીકસ પેરેડાઇઝ ગ્રાહક નં. ૨૬૦૧૮ – માહે નવેમ્બર –૨૦૦૫, માહે જાન્યુઆરી–૨૦૦૬ અને માહે મે -૨૦૦૭ અને માહે ડિસેમ્બર -૨૦૦૭

ઉપરોકત એચ.ટી. ગ્રાહકો ને પીજીવીસીએલ તરફથી નાઈટ રીબેટ અપાયેલ છે. તેથી, અમોને પણ અમોએ માંગેલ નાઈટ રીબેટ રીફંડ અમારી – વીજ જોડાણ ની રીલીઝ તા.૧૫–૦૧–૨૦૦૮ થી આપવુ જરૂરી છે. તે અપાવીને અમોને ન્યાય આપવા વિનંતી.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** પીજીવીસીએલ પક્ષકાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને સદભાવ સીરામીકસ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** અમોએ તા.૨૭–૦૬–૧૭ ના રોજ – અમારા હુકમ નંબર પીજીવીસીએલ/ સીજીઆરએફ/ ૪૬/ કવા–૦૧/ ૧૭–૧૮ પેપર ૭ શ્રી આ બાબતે – જે નિષ્કર્ષ આપેલ છે, તે નીચે મુજબ છે.

ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા, નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા દર્શાવેલ જોગવાઈઓ ને આનુષાંગીક હોવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકારે સ્વીકાર કરેલ છે. અને તે અન્વયે, અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ, તા.૧૫–૦૧–૨૦૦૮ થી ચાલુ થયેલ હોય એવા સદર એચ.ટી.પી–૧ કેટેગરી હેઠળ નુ બીલીગ, '' જે પોલીફેઈઝ મીટર અને ટાઈમ સ્વીચ '' હૈયાત એચ.ટી.પી.–૧ કેટેગરી હેઠળ ના જોડાણ મા લગાડયા પછીના સમયગાળા ના – અગાઉ અપાયેલ તમામ નિયમીત વીજબીલો – જે તે માસ માટે ના '' રાત્રી વપરાશ '' મુજબ જણાયેલ બીલીગ યુનીટ ને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ ધોરણો અને જોગવાઈઓ હેઠળ આવરી લઈ, અને – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' નુ રીવાઈઝ બીલીગ કરવામા આવશે. એટલેકે, અગાઉ સદર જોડાણ મા, જે '' એચ.ટી.પી–૧ કેટેગરી '' હેઠળ નુ બીલીગ થયેલ છે, તે પોલીફેઈજ મીટર તેમજ ટાઈમ સ્વીચ લગાડયા પછી ના સમયગાળા ના તમામ બીલો ને, '' નાઈટ અવર્સ '' મુજબ ની જોગવાઈ હેઠળ ના પ્રતિ યુનીટ ની રકમ મુજબ ની ગણતરીએ, રીવાઈઝ કરવામા આવશે. આ રીવાઈજ ગણતરી મુજબ, અરજદાર શ્રી ને પરત આપવા પાત્ર થતી રકમ, જે પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની જાણકારી, હાજરી હેઠળ, સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા કરવામા આવશે. આમ, સદર રીવીઝન, જે અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન કરી, અને તેમની ફરીયાદી નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. સદર કેઈસ મા, તે મુજબ નો, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી સમક્ષ, જે અભિપ્રાય વ્યકત થયેલ છે, તે અભિપ્રાય નામાદાર જીઈઆરસી ના પ્રવર્તમાન ટેરીફ ઓર્ડર મા કરાયેલ ધોરણો અને જોગવાઈઓ ને આનુષાંગીક હોય, ફોરમ કમિટી તરફથી, યોગ્ય અને વ્યાજબી રીતે માન્ય રખાયેલ છે. અને પીજીવીસીએલ પક્ષકાર ને, તે મુજબના ધોરણે, '' રીવાઈઝ કરવા પાત્ર યોગ્ય એવા તમામ માસ ના બીલોને – નાઈટ ટેરીફ યુનીટ ના ધોરણે ની ગણતરી હેઠળ'' દિન–૧૦ મા, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, રીવાઈઝ કરી, અને તે મુજબ નો લેખીત પત્ર. અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પાઠવી, અને તે મુજબ નો અહેવાલ, ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**૩.૨** ઉપરોકત નિષ્કર્ષ મા સ્પષ્ટ જણાવેલ છે કે, ટાઈમ સ્વીચ લગાડયા પછી ના તમામ બીલો મા – નાઈટ રીબેટ રીફંડ આપવા પાત્ર થાય છે. એટલે આ કેસ મા ગ્રાહક દ્વારા ટાઈમ સ્વીચ લગાડયા પછી ના સમયગાળા થી જ નાઈટ રીબેટ રીફંડ આપવુ તેવો સ્પષ્ટ હુકમ છે. તદ ઉપરાંત, પીજીવીસીએલ દ્વારા રીવ્યુ – અરજી સાથે રજુ કરેલ – તમામ ટેરીફ વર્ષ-૨૦૧૨ સુધીના ઓર્ડર મા જણાવેલ છે કે,

CONCESSION FOR USE OF ELCTRICITY DURING NIGHT HOURS:

For the consumer eligible for using supply at any time during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10.00 PM to 06.00 AM next morning (recorded by a polyphase meter operated by time-switch) as in excess of one third of the total energy consumed during the month, shall be eligible for concession at the rate of 75 Paise per unit. The polyphase meter and time-switch shall be procured and installed by the consumer at his cost and sealed by the Distribution Licecnees.

ત્યારબાદ, વર્ષ- ૨૦૧૩ થી ટેરીફ ઓર્ડર મા નીચે મુજબ નો સુધારો લાગુ કરી અને જોગવાઈ કરાયેલ છે. તે મુજબ -

CONCESSION FOR USE OF ELCTRICITY DURING NIGHT HOURS:

For the consumer eligible for using at any time during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10.00 PM to 06.00 AM next morning as is in excess of one third of the total energy consumed during the month, shall be eligible for concession at the rate of 75 Paise per unit.

એટલેકે વર્ષ–૨૦૧૩ થી આપેલ ટેરીફ ઓર્ડર મુજબ, દરેક એચ.ટી ગ્રાહકો ને ટાઈમ – સ્વીચ લગાડયા સીવાય્ નાઈટ રીબેટ રીફંડ આપવુ જરૂરી છે. આ બાબત ને અનુલક્ષીને અમે ઉપરોકત હુકમ કરેલ હતો. તેમ છતા, પીજીવીસીએલ દ્રારા સદંતર બીનજરૂરી આ રિવ્યુ – અરજી કરેલ છે. તેમ ફોરમ કમિટી ને સ્પષ્ટ જણાયેલ છે.

**મુદદા નં.–૪ :**

**હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે હુકમ કરાયેલ છે.

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ०૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.